# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]


---

પરિપત્ર:

**વિષય :** ઝોનલ કક્ષાએ/યુનિવર્સિટી કક્ષાએ ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધાના આયોજન બાબત

**સંદર્ભ :** ૧. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર. નો પત્ર કમાંક NSS/સ્પર્ધા/૨૦૨૪/383-445 તા. 03/0૧/૨૦૨૪

૨. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર. નો પત્ર કમાંક રસય/ઇએસ.સી.એસ.બી./૨૦૨૪/૩૨૦૧-૩૨૧૨ તા. ૨૩/૦૧/૨૦૨૪

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને જણાવવાનું કે ગુજરાત સરકાર દ્વારા રાજ્યની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાઓના જતન અને પ્રસારણ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ અનુસંધાનમાં ગુજરાત સરકાર અને સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશન દ્વારા કલ્ચર પ્રિઝર્વેશન પર સંયુક્ત વક્તૃત્વ સ્પર્ધાનો પ્રસ્તાવ કરવામાં આવેલ, જે સંદર્ભે કોલેજ કક્ષાએ પ્રથમ નંબરે વિજેતા વિદ્યાર્થીઓની ઝોનલ કક્ષાની સ્પર્ધા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ખડીયા જુનાગઢ ખાતે રાખવામાં આવેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

તારીખ : ૮ ફેબ્રુઆરી, ૨૦૨૪

સમય : સવારે ૧૦.૦૦ કલાકે

સ્થળ : ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ખડીયા-જુનાગઢ

કોલેજ કક્ષાએ પ્રથમ આવનાર વિદ્યાર્થીની વિગતો નિચે આપેલ ગુગલ ફોર્મ લિંકમાં તા. ૦૫/૦૨/૨૦૨૪ સુધીમાં અચૂકપણે મોકલી આપવી.

ગુગલ ફોર્મ લીંક : https://forms.gle/2FmQoYR363h8KQh89

પ્રો. કો-ઓર્ડીનેટરશ્રી
એન.એસ.એસ. વિભાગ
ભક્તકવિ નરસિંહ મહેતા
યુનિવર્સિટી
જુનાગઢ

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રની નકલ

કમાંક/બીકેએનએમયુ/એન.એસ.એસ./૦૩૦/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા. ૦૨/૦૨/૨૦૨૪

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ તરફ...

---

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

सत्यमेव जयते
Government of Gujarat

Azadi Ka Amrit Mahotsav

જા.ક્ર. :- NSS/ સ્પર્ધા /2024/383-445 By Email તા.03/01/2024

સુધારેલ પત્ર

પ્રતિ,

(1) પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી,

એન.એસ.એસ. સંલગ્ન યુનિવર્સિટીઓ, તમામ

**વિષય:** વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવા બાબત.

શ્રીમાન

ઉપરોક્ત વિષય પરત્વે સાદર જણાવવાનું કે ગુજરાત સરકાર અને સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશન દ્વારા કલ્ચર પ્રિઝર્વેશન પર સંયુક્ત વક્તૃત્વ સ્પર્ધાનો પ્રસ્તાવ આવેલ છે. જેમાં નીચે મુજબના વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

**મુખ્ય મુદ્દાઓ :-**

૧. મિશન સ્વચ્છ સાયબર ભારત

- પ્રસ્તાવના
- ઓટીટી, સોશિયલ મીડિયા, ફિલ્મો અને બીજા માધ્યમો દ્વારા મનોરંજનના નામે પ્રસારિત થતી અભદ્રતા
- સ્વચ્છ સાયબર ભારતનું મહત્વ
- સમાજ પર પડી રહેલી અસરો
- વિકૃતિઓના વાવાઝોડા સામે સમાજમાં મૂલ્યોની રક્ષાની ત્તાતી આવશ્યકતા
- ઉપસંહાર

૨.ચારિત્ર નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ

- પ્રસ્તાવના
- ચારિત્ર એટલે શું ?
- ચારિત્ર નિર્માણ માટે ક્યાં ગુણો આત્મસાત કરવા પડે ?
- યુવા જીવન બરબાદ કરનારા તત્વો
- અશ્લીલ કાર્યક્રમોના સંપર્કમાં રહેવાના કારણે થઈ રહેલું નુકસાન
- રાષ્ટ્ર નિર્માણમાં ચારિત્ર સંપન્ન યુવાનોની ભુમિકા
- ઉપસંહાર

૩. શીલ સંસ્કૃતિ અને સદાચાર રક્ષા

- પ્રસ્તાવના
- અર્થ
- મહત્વ
- ઉપયોગીતા
- વર્તમાન સમયમાં શીલ સંસ્કૃતિ પરના પ્રહારોના દાખલા

- ❖ શીલ સંસ્કૃતિ પરના પ્રહારો અયોગ્ય તત્વો સરળતાથી કરી શકે છે તેના કારણો
- ❖ ઇતિહાસમાં શીલ સંસ્કૃતિની રક્ષા માટે ન્યોછાવર થઈ ગયેલા બલિદાનિઓની વાતો
- ❖ જ્યાં સદાચારનું રક્ષણ નથી થતું ત્યાં બનતા ખરાબ બનાવનો ચિતાર
- ❖ ઉપસંહાર

૪. વર્તમાન સમયની અનિવાર્યતા મૂલ્ય શિક્ષણ

- ❖ પ્રસ્તાવના
- ❖ શિક્ષણ અને સંસ્કારોનો મનુષ્યના જીવન પર પ્રભાવ
- ❖ મહાપુરુષો દ્વારા શિક્ષણની થયેલી સાચી વ્યાખ્યાઓ
- ❖ ગુલામી અને આક્રમણ પહેલા ભારતની અસાધારણ શિક્ષણ વ્યવસ્થા
- ❖ મૂલ્ય શિક્ષણ વગરની પરિસ્થિતિના ઉદાહરણો
- ❖ ભારતીય પરંપરામાં આપવામાં આવતા સહજ મૂલ્ય શિક્ષણ
- ❖ વર્તમાન નવી શિક્ષણ નીતિ દ્વારા મૂલ્ય શિક્ષણને કેવી રીતે કેન્દ્રમાં લાવી શકાય ?
- ❖ મૂલ્ય શિક્ષણ દ્વારા આવેલા પરિવર્તનના ઉદાહરણો
- ❖ ઉપસંહાર

૫. રાષ્ટ્રીય સેવા યોજના એક ભારત શ્રેષ્ઠ ભારત

- ❖ પ્રસ્તાવના
- ❖ રાષ્ટ્રીય સેવા યોજનાનું મહત્વ
- ❖ શિક્ષણ સાથે રાષ્ટ્રીય સેવા યોજનાનું સંકલન
- ❖ વર્તમાન રાષ્ટ્રીય સેવા યોજનાના મૂલ્યો
- ❖ રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવુતિ
- ❖ ચારિત્ર્ય ઘડતરમાં રાષ્ટ્રીય સેવા યોજનાનો ફાળો
- ❖ ઉપસંહાર

આ વકતૃત્વ સ્પર્ધા સમગ્ર ગુજરાતના કોલેજના વિદ્યાર્થીઓ માટે એકસાથે આવવાની અને આપણા સાંસ્કૃતિક મૂલ્યો અને નૈતિકતાનું રક્ષણ અને જાળવણી કેવી રીતે કરવી તે અંગેના તેમના વિચારો શેર કરવાની તક હશે. આ સ્પર્ધા ત્રણ તબક્કામાં યોજાશે

- પ્રથમ તબક્કો કોલેજ કક્ષાએ યોજાશે. દરેક કોલેજમાંથી ત્રણયે વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવશે. પ્રથમ ક્રમે આવનાર વિજેતાને યુનિવર્સિટી કક્ષાએ આગળ ભાગ લેવા જવાનું રહેશે.
- બીજો તબક્કો યુનિવર્સિટી કક્ષાએ યોજાશે. દરેક યુનિવર્સિટીમાંથી ટોચના ત્રણ વિજેતાઓ હશે. ત્રણ વિજેતાઓને રાજ્ય કક્ષાએ આગળ ભાગ લેવા જવાનું રહેશે.
- અંતિમ તબક્કો ગુજરાત સ્તરે યોજાશે. રાજય કક્ષાએ ઉતીર્ણ થનાર વિધાર્થીને Best Sanskrutik Speaker of Gujaratથી સન્માનિત કરવામાં આવશે અંતિમ ચરણ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે યોજાશે.

-: <u>ઉપરોક્ત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાની સંભવિત તારીખો</u> :-

- ➢ કોલેજ કક્ષાએ તા.૦૫ -૦૧-૨૦૨૪ થી ૨૦-૦૧-૨૦૨૪
- ➢ યુનિવર્સિટીકક્ષા તા.૨૧-૦૧-૨૦૨૪ થી ૩૧ -૦૧-૨૦૨૪
- ➢ રાજ્યકક્ષાની તારીખ નક્કી કરીને જણાવવામાં આવશે.

## કોલેજ કક્ષાએ રોકડ પુરસ્કારની રકમ નીચે મુજબ સંભવિત છે.

### પત્રક -૦૧

| ક્રમ | કોલેજનો પ્રકાર | પ્રથમ વિજેતાને મળવાપાત્ર રકમ | બીજા વિજેતાને મળવાપાત્ર રકમ | ત્રીજા વિજેતાને મળવાપાત્ર રકમ |
|---|---|---|---|---|
| ૧ | એન.એ. એસ સલગ્ન તમામ કોલેજો | ૫૦૧/- | ૨૫૧/ | ૧૦૧/- |

### પત્રક-૦૨

## યુનિવર્સિટી કક્ષાએ રોકડ પુરસ્કારની રકમ નીચે મુજબ સંભવિત છે.

| ક્રમ | યુનિવર્સિટીનો પ્રકાર | પ્રથમ વિજેતાને મળવાપાત્ર રકમ | બીજા વિજેતાને મળવાપાત્ર રકમ | ત્રીજા વિજેતાને મળવાપાત્ર રકમ |
|---|---|---|---|---|
| ૧ | એન.એ. એસ સલગ્ન તમામ યુનિવર્સિટી | ૧૧૦૦૦ | ૭૦૦૦ | ૫૦૦૦ |

### પત્રક -૦૩

## રાજ્ય કક્ષાએ રોકડ પુરસ્કારની રકમ નીચે મુજબ સંભવિત છે.

| ક્રમ | રાજ્ય કક્ષાએ | પ્રથમ વિજેતાને મળવાપાત્ર રકમ | બીજા વિજેતાને મળવાપાત્ર રકમ | ત્રીજા વિજેતાને મળવાપાત્ર રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧,૦૦૦૦૦ | ૭૧,૦૦૦ | ૫૧,૦૦૦ |

## નીચે જણાવેલ ઝોન મુજબ યુનિવર્સિટી કક્ષાએથી વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

| ક્રમ | જિલ્લાનું નામ | યુનિવર્સિટીનું નામ |
|---|---|---|
| ૦૧ | જુનાગઢ પોરબંદર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા | ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ |
| ૦૨ | અમરેલી, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબી | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, |
| ૦૩ | ભાવનગર, બોટાદ | મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, |
| ૦૪ | ખેડા,આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર. |
| ૦૫ | પંચમહાલ, દાહોદ, મહિસાગર, છોટા ઉદેપુર | શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા |
| ૦૬ | કચ્છ | ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, કચ્છ |
| ૦૭ | સુરત, નવસારી, વલસાડ, નર્મદા, ડાંગ, ભરૂચ અને તાપી | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત |
| ૦૮ | મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા,અરવલ્લી | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ |

| | | |
|---|---|---|
| ૦૯ | વડોદરા | વડોદરા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, બરોડા |
| ૧૦ | ગાંધીનગર | NFSU |
| ૧૧ | અમદાવાદ | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

ઉપરોક્ત વક્તૃત્વ સ્પર્ધા માટે થનાર ખર્ચ અત્રેની કચેરી દ્વારા આપવામાં આવેલ એન.એસ.એસની નિયમિત પ્રવૃતિના અનુદાનમાંથી કરવાનો રહેશે. તેમજ નિયત તારીખ મુજબ કરવા કોલેજ,યુનિવર્સિટીઓ વક્તૃત્વ સ્પર્ધા કરવાની રહેશે. ઝોન મુજબ યુનિવર્સિટી કક્ષાએ થનાર સમગ્ર આયોજનની જવાબદારી એન.એસ.એસ પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રીએ નિભાવવાની રહેશે.

**નોંધ પર મળેલ માન.નિયામકશ્રીના આદેશ અનુસાર**

રાજ્ય એન.એસ.એસ.અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા. ગાંધીનગર

**નકલ રવાના જાણ સારું :**

- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટીઓ,અમદાવાદ

**ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી**

**એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,**

**ગાંધીનગર, ગુજરાત રાજ્ય.**

---

જા.ક્ર. રસય /ઈએસ.સી.એસ.બી/૨૦૨૪/૩૨૦૯- ૩૨૧૯ તા.૨૩/૦૧/૨૦૨૪

પ્રતિ,

પ્રોગ્રામ કો.ઓર્ડિનેટરશ્રી,
એન.એસ.એસ. વિભાગ
સંબધિત યુનીવર્સીટી (યાદી મુજબ)

વિષય:- વકતૃત્વ સ્પર્ધાનું આયોજન ઝોન કક્ષાએ કરવા બાબત

ગુજરાત સરકાર અને સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશન દ્વારા આયોજિત ગુજરાત સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે આ સ્પર્ધા સમગ્ર રાજ્યની તમામ યુનિવર્સિટી તેમજ સરકારી, બિન સરકારી અનુદાનિત કોલેજમાં આયોજન કરવા જણાવેલ છે.જેમાં કોલેજ કક્ષાએ તા.૧૧/૦૧/૨૦૨૪ થી તા.૨૦/૦૧/૨૦૨૪ દરમ્યાન રાખેલ હતી તેની જગ્યાએ હવે તા.૨૫/૦૧/૨૦૨૪ સુધીમા સ્પર્ધા પૂર્ણ કરી પ્રથમ ક્રમના વિજેતાની વિગતો ઝોન કક્ષાએ નક્કી કરેલી યુનીવર્સીટીને તથા ગુગલ લિંકમાં ભરી મોકલી આપવા જણાવેલ છે.

આપની યુનીવર્સીટીનાં ઝોન મુજબ કોલેજ કક્ષાએ પ્રથમ વિજેતા મેળવેલ વિદ્યાર્થીઓનો વકતૃત્વ સ્પર્ધાનું આયોજન તા.૨૬/૦૧/૨૦૨૪ થી તા.૦૫/૦૨/૨૦૨૪ સુધીમા યોજવા જણાવવામાં આવે છે.

માન.નિયામકશ્રીની સૂચના અનુસાર

રાજ્ય એન.એસ.એસ અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,

- પ્રોગ્રામ કો.ઓર્ડીનેટરશ્રી,એન.એસ.એસ. વિભાગ ગુજરાત યુનીવર્સીટી,અમદાવાદ

નીચે જણાવેલ ઝોન મુજબ યુનિવર્સિટી કક્ષાએથી વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

| ક્રમ | યુનિવર્સિટીનું નામ |
| --- | --- |
| ૦૧ | ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ |
| ૦૨ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, |
| ૦૩ | મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, |
| ૦૪ | સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર. |
| ૦૫ | શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા |
| ૦૬ | ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, કચ્છ |
| ૦૭ | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત |
| ૦૮ | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ |
| ૦૯ | વડોદરા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, બરોડા |
| ૧૦ | NFSU |
| ૧૧ | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |